# પર્યાવરણ સંત્રી

વાચક મિત્રો,

વિકસતા વિશ્વમાં સમૃદ્ધિની સાથોસાથ વધતું જતું પ્રદુષણ, લાખો જીવો માટે આરોગ્ય સંબંધી ગંભીર સમસ્યાઓ ઊભી કરી રહ્યું છે. ભારતના અગ્રણી શહેરોમાં તાજેતરમાં એક વર્ષમાં માત્ર હવાના પ્રદુષણને કારણે ૫૨,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા. વિશ્વમાં દર વર્ષે પ્રદુષિત પાણીને લીધે થતા ઝાડાથી ૨૦ લાખ બાળકો મૃત્યુ પામે છે અને અન્ય ૯૦ કરોડ આવા બિમારીના કિસ્સા નોંધાય છે. ૨૧મી સદીમાં પ્રવેશવા તૈયાર માનવજાત અતિઆધુનિક જીવનશૈલી ધરાવતી હોવા છતાં પણ અત્યંત ગંભીર અને જીવમાત્રના જીવનને અસર કરતી પર્યાવરણ સમસ્યા બાબતે તદન અજાણ અને અસાવધ છે. આથી જ એક નૈતિક ફરજ તરીકે "પર્યાવરણ સંત્રી" દ્વારા પર્યાવરણ વિષયક જ્ઞાન ફેલાવવાનું આહ્વાન મેં ઉપાડ્યું છે. આપ સૌ જાણો છો તેમ પર્યાવરણીય અસંતુલન હવે તો પૃથ્વીના અસ્તિત્વ માટે જ પ્રાણઘાતક પૂરવાર થઈ રહ્યું છે. માનવીએ પોતે કુદરતથી ચડીયાતા હોવાનો ભ્રમ સેવી પર્યાવરણનું સંતુલન ખોરવી નાખ્યું છે. પ્રાકૃતિક સંસાધનોના બેફામ ઉપયોગ બાદ હવે સમજાયું છે કે તેની વિપરીત અસરો માત્ર વર્તમાન પેઢી ઉપર જ નહીં ભાવિ પેઢી પર પણ થશે. વિશ્વસ્તરે પર્યાવરણ સંબંધી વૈજ્ઞાનિક અભ્યાસોના તારણો સૂચવે છે કે અકલ્પ્ય વસ્તી વધારા અને પ્રદુષણને કારણે પૃથ્વી ઉપર ઊભું થયેલું જોખમ ખતરાની નિશાની વટાવી ચૂક્યું છે. જળ, જમીન અને વાયુના ગુણવત્તા અને પ્રમાણ બંને ખોરવાતા ઉદ્દભવેલી પર્યાવરણીય કટોકટીનો કોઈપણ પ્રકારના બળપ્રયોગ કે શાંતિપ્રયોગથી ઉકેલ લાવી શકાય તેમ નથી. આથી જ મોડે મોડે પણ વિશ્વભરના દેશો વચ્ચે પર્યાવરણ સંરક્ષણના મુદે સર્વસંમતિ પ્રવર્તે છે. જો કે આ બાબતે જેટલું ઝડપી અને અસરકારક કાર્ય થવું જોઈએ તેટલું થયું નથી. પર્યાવરણના રક્ષણ કાજે જે કંઈ કાર્યો થયા છે તેના પણ અપેક્ષિત પરિણામો મળ્યા નથી. આનું મુખ્ય કારણ છે આ ક્ષેત્રે જનસામાન્યમાં માહિતી અને જાગૃતિનો અભાવ. તેથી જ પર્યાવરણ જાગૃતિના ઉદેશથી "પર્યાવરણ સંત્રી"ના પ્રથમ અંક સાથે આપની સમક્ષ ઉપસ્થિત થઈ છું. આશા છે આપ સૌ પર્યાવરણ અને "પર્યાવરણ સંત્રી" બંને સાથે જોડાશો.

પ્રદુષણ નિયંત્રિત કરવા અને પર્યાવરણની જાળવણી કરવા સંબંધી વૈવિધ્યપૂર્ણ વૈજ્ઞાનિક અને પરંપરાગત અભિગમો પ્રવર્તે છે. છેલ્લા બે દાયકાથી સમગ્ર વિશ્વમાં વિશેષજ્ઞોએ ઊંડાણપૂર્વક અભ્યાસો હાથ ધરી "પરિસ્થિતિ વિજ્ઞાન" (Ecology) વિક્સાવી ઉકેલો પણ શોધ્યા છે. આવા અભ્યાસો, ઉકેલો અને તારણોનો પરિણામલક્ષી ઉપયોગ થાય તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર થાય તે આજના સમયની માંગ છે. અપૂર્ણ માહિતી અને જ્ઞાન પ્રાકૃતિક સંસાધનોના જતન સામે મોટી સમસ્યા ઉભી કરી શકે. જ્યારે માહિતીના સરળ પ્રસાર દ્વારા મોટી સમસ્યાઓ ઘર આંગણે હલ પણ કરી શકાય. માહિતી, પર્યાવરણ અને માનવી બંનેના સહ અસ્તિત્વ માટે સંજીવની સાબિત થઈ શકે છે. આ સંજીવની ઘેર ઘેર પહોંચાડવાની નેમ છે "પર્યાવરણ સંત્રી"ની. માનવ સહિત તમામ જીવોના નિવાસસ્થાન સમી પૃથ્વીની "પરિસ્થિતિ"ને લગતી માહિતીને જન સામાન્ય સુધી પહોંચાડવાનું માધ્યમ એટલે "પર્યાવરણ સંત્રી". પર્યાવરણને મોટી મોટી યોજનાઓથી કે માળખાકીય આયોજનના અમલ માત્રથી સંતુલિત કરી શકાશે, એ આપણી કુદરત પ્રત્યેની ઉદાસીનતાને પોષતા બહાના માત્ર છે. પર્યાવરણને સાચા અર્થમાં તંદુરસ્ત બનાવવા જરૂર છે નાના નાના પરંતુ બહોળી સંખ્યામાં જાગરૂક પ્રયત્નોની. આવા પ્રયત્નો થઈ રહ્યા છે.... આપણા બહુજ નજીકના વર્તુળોમાં. જરૂર છે આવા પ્રયત્નો કરનાર અને પ્રયત્નો કરવા ઈચ્છનાર તમામને સાંકળવાની. આવા તમામ પ્રયત્નોને સાંકળી પર્યાવરણ જાગૃતિના મહાયજ્ઞમાં જોડાયેલા સહુ ભેખધારીઓનો પરિચય પણ આ માધ્યમ થકી આપવાનો મારો નમ્ર પ્રયાસ છે.

આપ સૌના સહકારની અપેક્ષા ચિરંજીવ રહેશે તે નિઃશંક છે.

યાત્રી બક્ષી..

વર્ષ : ૧ અંક : ૧ તા. ૨૫-૧૦-૯૯ કુલ પાના : ૧૨

## આ અંકમાં.....


| ક્રમ | | પાનાં નં. |
|---|---|---|
| ૧. | પ્રચાર માધ્યમો અને પર્યાવરણ | ૦૩ |
| ૨. | જીવમાત્રના મોતનો સામાન એટલે પ્લાસ્ટીક | ૦૪ |
| ૩. | ગુજરાતના સલીમ અલી પક્ષીવિદ્ શ્રી લાલસિંહ રાઓલ | ૦૭ |
| ૪. | ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ : મોર | ૦૮ |
| ૫. | સમાચાર સંકલન | ૧૧ |
| ૬. | કાવ્યમાં કુદરત | ૧૨ |



તંત્રી : શ્રી યાત્રી બક્ષી

માનદ્ સલાહકાર : શ્રી પ્રાણવ ત્રિવેદી

આવરણ : શ્રી સુનીલ ગુમે

ટાઈપ-સેટીંગ : શ્રી સંજય પટેલ

સંપાદન સહયોગ : શ્રી મોના પાર્થિવ બક્ષી

શ્રી રૂપા પરીખ

મૂલ્ય : રૂ. ૫/-

વાર્ષિક લવાજમ : રૂ. ૪૦/-

સંપર્ક સ્થળ :

૩૩, નિહારીકા બંગલોઝ,
હિંમતલાલ પાર્ક, આંબાવાડી,
અમદાવાદ-૧૫.


**શુભેચ્છા ફાળો આવકાર્ય છે.**



# પ્રચાર માધ્યમો અને પર્યાવરણ

- શ્રી લવકુમાર ખાચર

(જાણીતા પ્રકૃતિવિદ્ અને અગ્રણી પર્યાવરણશિક્ષણવિદ્)

સામાન્ય લોકોમાં કુદરત અને પર્યાવરણ અંગે રસ વિકસાવવામાં મુદ્રિત તેમજ વિજાણુ માધ્યમોએ અત્યંત નજીવો ભાગ ભજવ્યો છે. જ્યારે માધ્યમોએ આ વિષય હાથ પર લીધો છે ત્યારે પણ મોટા ભાગે તો પર્યાવરણ બાબતે નકારાત્મક ચિત્ર જ ઉપસાવ્યું છે. પર્યાવરણ સંબંધી રીપોર્ટીંગમાં પ્રાણ હોનારતોની માહિતીના વ્યાપક પ્રચારથી વધુને વધુ લોકોમાં, ખાસ કરીને શહેરીજનોમાં આ નકારાત્મક અભિગમ વધુ સઘન રીતે પ્રતિબિંબિત થતો જણાય છે. માનવજાતિના આનંદમય અસ્તિત્વ માટે કુદરત તો નુક્સાનકર્તા નહિ પરંતુ અત્યંત દયાળુ અને સુંદર મનાઈ છે. આ વાત સાચી ઠેરવતા અનેક ટેલીવિઝન પ્રોડક્શન્સ વિદેશી ટીવી માધ્યમ દર્શાવે છે પરંતુ દુઃખની વાત એ છે કે **આપણા દેશના માધ્યમોમાં ભારતના અદ્રિતીય કુદરતી સૌંદર્યને છતા કરતા પ્રોડક્શન જવલ્લે જ જોવા મળે છે.**

મને ઘણીવાર થાય કે, ઉપગ્રહથી પ્રાપ્ત ફોટોગ્રાફ્સ અને કલ્પનાનો સાથ લઈ લીધેલા, પશ્ચિમી ઘાટ સામે આગળ વધતાં કે હિમાલયની ખીણ તરફ ધસતાં વરસાદી વાદળાંઓના કલાત્મક રીતે જમીન પરથી લીધેલા શોટ્સનો સંયોજનપૂર્વક ઉપયોગ કરી હવામાન સમાચાર દર્શાવાય તો કેવું લાગે ? ટેલીવિઝન પ્રોડક્શન તો રોમાંચિત કરી દેતા, આકાંક્ષા જગાવતા કલાના સુંદર નમૂનારૂપ હોવા જોઈએ. પણ ના, આપણે ત્યાં તો વારંવાર ઈમારતોના કાટમાળ, ગંદકીના ઢગલા, ધરતીકંપ, ગટરના પાણીથી ઉભરાતા શહેરના રસ્તાઓ, નદીઓમાં પૂરની વધતી જતી ભયજનક સપાટી અને વરસાદથી રઘવાયા થયેલા લોકોના જ ચિત્રો અને હેવાલો રજૂ થાય છે. કેટલું નકારાત્મક ચિત્ર ઊભું થાય છે ! હજુ સુધી ક્યારેય, મૌસમનું પ્રથમવાર ચાતક ક્યારે ચહેક્યું તેના વિશે અથવા તો સારસ પંખીની જોડના સંભોગ પહેલાંનાં નૃત્ય વિશેના અહેવાલ નજરે ચડ્યા નથી. માળા બાંધવા એકઠા થતાં આપણાં પંખીઓના સમૂદાયો વિષે ક્યાંય એક પણ રીપોર્ટ તૈયાર થયેલો મેં જોયો નથી. જ્યારે સાઈબિરીયન ક્રેઈન (કુંજ) ભરતપુરમાં આવે ત્યારે અખબારોમાં તેનો ઉલ્લેખ જોવા મળે. આપણે તો હવે એવું માનતા થઈ ગયા છીએ કે ભારતમાં આવતાં તમામ પ્રવાસીપંખીઓ સાઈબિરીયાથી જ આવે છે ?! 'નળસરોવર ખાતે સાઈબિરીયાથી આવેલા ફ્લેમીંગો' એવા રીપોર્ટસ મેં વાંચ્યા છે. આનો અર્થ એ કે માત્ર સનસનાટી ફેલાવતી એટલે કે નકારાત્મક ચિત્ર ઊભા કરતી માહિતી જ માધ્યમોને કામની. જેમકે બસ ઉથલી પડે તો સમાચાર કહેવાય. હિમાચલ પ્રદેશની કુલુ ખીણમાં ઉપલા ભાગમાં વશિષ્ઠ ખાતે રહેતી એક અંગ્રેજ સ્ત્રી કહે છે, "રોજનાં કેટલાયે વાહનો આ પહાડી રસ્તાઓ પરથી ઉડતાં હોય તેમ પસાર થાય છે, તેની કેમ કોઈ નોંધ લેતું નહિ હોય?" વિચારવા જેવો પ્રશ્ન છે.

ભારતની મોટા ભાગની જનતા માટે સવારનું અખબાર અને ટેલીવીઝન સમાચાર માહિતીના મુખ્ય સ્રોત છે. આથી આ માધ્યમોમાં જે કંઈ માહિતી અપાય તે ખૂબ જ કાળજીપૂર્વક રજૂ થવી જોઈએ. ઘણીવાર જ્યારે મોડી રાત્રે પત્રકારો મને ફોન કરી 'મરીન પાર્ક વિશે તમે શું વિચારો છો' અથવા તો 'છેલ્લે અમદાવાદ ઝૂમાં તમે ક્યારે ગયેલા' જેવા પ્રશ્નો પૂછે છે ત્યારે ખરેખર, જવાબ આપવા હું સહમત હોતો નથી. વળી, તમે જવાબ આપો કે 'વર્ષો પહેલાં ઝૂમાં ગયેલો એટલે તરત પૂછશે 'કેમ'? હકીકતમાં તો વ્યવસ્થાપનની વિરૂદ્ધમાં બોલાવવા જ આવા પ્રશ્નો પૂછાતા હોય છે. પણ ૭૦ વર્ષની વયે હું પ્રાણી સંગ્રહાલયમાં જવા ઓછો જ રસ ધરાવતો હોઉ? એટલું જ નહિ, અચાનક જ આ અખબારો પર્યાવરણ બાબતે સંવેદનશીલ થઈ જાય છે અને મને ગાંધીનગર ખાતેના સૂચિત ઈન્ફોસીટીના સ્થળ બાબતે પૂછે છે કે, 'ત્યાંના કેટલાં બધા વૃક્ષો કપાઈ જશે. શું આ યોગ્ય છે?' શા માટે નહિ, આમે ય તે વૃક્ષો પ્લાન્ટેશન કરી ઉગાડાયેલાં તેમાંથી જો થોડાં કપાય તો આટલો બધો ઉહાપોહ શાને? આ પ્રકારના પ્રચારના ગેરફાયદાઓ વિષે કોઈ વિચારતું નથી. હું ભારપૂર્વક જણાવતો આવ્યો છું કે **ગાંધીનગરની ઘણી ખુલ્લી જગ્યાઓમાં જ્યારે બાંધકામ કરવું હોય ત્યારે કાપી શકાય તેવા વૃક્ષો વાવી શકાય. આ પ્રકારના પર્યાવરણની જાળવણી માટે ભવિષ્યની યોજનાઓ વિષે પ્રચાર કરવા ઉત્સુક એવા સંવેદનશીલ સરકારી સચિવની કલ્પના થઈ શકે ખરી?**

(અનુસંધાન પાના નં. ૧૦)

# જીવમાત્રના મોતનો સામાન એટલે પ્લાસ્ટીક

- અલકેશ પટેલ

આજે કોઈપણ વ્યક્તિ એવો દાવો કરી શકે ખરી, કે તે પ્લાસ્ટીકનો ઉપયોગ નથી કરતો? શક્ય જ નથી. કારણ કે દરેક ઘરથી માંડીને વિશાળકાય ઔદ્યોગિક એકમો સુધી, નાના એવા ગામથી મસમોટા શહેરો સુધી પ્લાસ્ટીકનું એકચક્રી શાસન પ્રવર્તી રહ્યું છે. કોઈપણ સમય હોય, કોઈપણ સ્થળ હોય આપણે એક યા બીજી રીતે પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા રહીએ છીએ. પરંતુ માણસે પોતાની સુવિધા માટે બપનાવેલો આ પદાર્થ માત્ર માનવજાત માટે જ નહિ પરંતુ પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિ માટે ખતરારૂપ બની ગયો છે. રોજીંદી ઉપયોગની વસ્તુઓમાં વૈવિધ્ય આણવાની અને ઉત્તરોત્તર ઓછા ખર્ચે તમામ સુવિધાઓ માણવાની માનવસહજ વૃત્તિએ પ્લાસ્ટીકને જન્મ તો આપ્યો, પણ એ જ પ્લાસ્ટીકની ગણતરી હવે, આપણી સામની કેટલીક સૌથી ગંભીર અને ઉકેલી ન શકાય તેવી સમસ્યામાં થવા માંડી છે. આથી જ પર્યાવરણ અંગે સતત ચિંતિત એવા જૂજ લોકોએ પ્લાસ્ટીકના ભયાવહ સ્વરૂપ સામે ચોંકાવનારી લાલબત્તી ધરી છે. ઉત્પાંદનથી માંડીને તેના નિકાલ સુધીની તમામ અવસ્થાઓમાં પ્લાસ્ટીક, પર્યાવરણ તેમજ વ્યવસ્થાતંત્ર બંને માટે હલ ન કરી શકાય એવી અનેક સમસ્યાઓ ખડી કરે છે જેમાંની કેટલીક પૃથ્વીના આરોગ્ય માટે તો કેટલીક માનવજાતિના આરોગ્ય માટે વિનાશક પુરવાર થતી સમસ્યાઓ હોય છે ! કારણ કે પ્લાસ્ટીકના વિપુલ પ્રમાણમાં થતા ઉપોયગથી થતો કચરો અ-વિનાશી છે. એટલે કે પ્લાસ્ટીકનો બાળવાથી કે દાટવાથી કોઈપણ રીતે નાશ કરવો સંભવ નથી.

ક્રુડ ઓઈલની આ આડપેદાશ સમો પ્લાસ્ટીક પદાર્થ જ્યારે ગરમી કે પાણીનાં સંપર્કમાં આવે ત્યારે તેમાંથી ૫૭ (સત્તાવન) જેટલા ઝેરી રસાયણો વિઘટન પામે છે. બજારમાંથી શાકભાજી અને ફળફળાદિ લાવવાથી માંડીને ખાવા-પીવાની તમામ ચીજવસ્તુઓને આજે પ્લાસ્ટીકમાં પેક કરવાનું ચલણ વધતું જાય છે. પરંતુ પ્લાસ્ટીકમાં રહેલાં ઝેરી રસાયણો જે- તે ખોરાકના સંપર્કમાં આવતાં તેમાં ભળી, તે ખોરાકના માધ્યમથી આપણા શરીરમાં પ્રવેશે છે. ખાદ્ય પદાર્થો ભરવા માટે ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટીકની થેલીઓમાં રહેલા પીવીસી, પોલીસ્ટાઈરીન, પોલીએક્રોલોનાઈટ્રીલ જેવા અનેક રસાયણો શરીર ખેંચાવું, બહેરાશ આવવી, લીવરની તકલીફો અને અશક્તિ જેવા નાના મોટા અનેક રોગો ફેલાવતા હોવાનું

### આપણે દરરોજ આટલી વસ્તુઓ દ્વારા જીવલેણ પ્લાસ્ટીકનો નિયમિત ઉપયોગ કરીએ છીએ

૧. ટૂથબ્રશ, રેઝર
૨. બાલદી
૩. બોલપેન
૪. તમામ વસ્તુઓની હેરફેર માટે પ્લાસ્ટીક બેગ
૫. બરણીઓ- અનેક ઉપયોગ માટે ડબ્બાઓ
૬. દવાઓ તેમજ સૌંદર્ય પ્રસાધનોનાં પેકિંગ
૭. દૂધ અને બ્રેડ જેની તમામ રોજ વપરાશના ખાદ્ય પદાર્થોના પેકિંગ
૮. ફાઈલ્સ, ફોલ્ડર્સ, કેલેન્ડર્સ
૯. ચશ્માની ફ્રેઈમ
૧૦. બાળકોના રમકડાં, નાસ્તાના ડબ્બા, વોટરબેગ વગેરે
૧૧. સ્વીચ અને ઈલેક્ટ્રીસીટીના વાયરો
૧૨. ઘડિયાળના પટ્ટા, બંગડી, હેરપીન્સ વગેરે
૧૩. સ્લીપર્સની પટ્ટીઓ
૧૪. પ્લાસ્ટીકની તારની દોરીઓ
૧૫. જંતુનાશક દવા છંટકાવનાં તમામ પ્રકારના સાધનો
૧૬. ઓડિયો-વીડીયો કેસેટ્સ
૧૭. ટેલીફોન્સ
૧૮. તમામ ઈલેક્ટ્રોનીક ઉપકરણો : ટીવી, ફ્રીજ, રેડિયો, મીક્સર વગેરે
૧૯. તમામ સ્થળે અનેકવિધ ઉપયોગ માટે વપરાતી પાઈપ
૨૦. કાંસકા વગેરે.

મોના





સાબિત થઈ ચૂક્યું છે. જે પ્લાસ્ટીકની થેલીનો આપણે ડગલે ને પગલે ઉપયોગ કરીએ છીએ એ એલ.જી.આઈ.પી નામક તત્ત્વમાંથી બનાવવામાં આવે છે. આવી થેલીઓ બનતાં પહેલાં એ પ્લાસ્ટીકનો ઓછામાં ઓછો પાંચ વખત ઉપયોગ થઈ ચૂકયો હોય છે. ફરી ફરી ઉપયોગમાં લેવાયેલા આ પ્લાસ્ટીકને વધુ આકર્ષક બનાવવા માટે બ્લિચ ઉપરાંત જાત-જાતના રંગોનો પણ ઉપયોગ કરાય છે. આ રંગો એટલી નીચી ગુણવત્તાના હોય છે કે તે આરોગ્યને નુક્સાન જ કરે.

**આપણે આપણાં સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે શું આટલું ન કરી શકીએ ?**

- બજારમાં જતાં કે બહાર જતાં હંમેશા કાપડની થેલી/થેલો સાથે રાખીએ
- ખાદ્યપદાર્થો બને તેટલા પ્સાસ્ટીકની બરણી/ડબ્બામાં ન ભરીએ
- ફ્રીજમાં કે અન્ય ક્યાંય પાણી પ્લાસ્ટીકમાં ન ભરીએ
- મેળાવડાઓ- પાર્ટીઓમાં એકવાર વાપરીને ફેંકી દેવાતા પ્લાસ્ટીકના કપ/પ્લેટ્સ ન વાપરીએ
- પ્લાસ્ટીકનો કચરો જુદો એકત્ર કરી વીણનારાં ગરીબ બહેનો-બાળકોને આપીએ
- બોલપેનના સ્થાને ઈન્કપેન વાપરીએ
- પ્લાસ્ટીકના ન્યૂનતમ ઉપયોગના પ્રયત્નો જાતે પણ કરીએ, બીજાને પણ તેના જોખમ બાબતે માહિતગાર કરીએ.
- પર્યટનના કોઈપણ સ્થળે ગમે ત્યાં પ્લાસ્ટીકના કચરા ન નાંખીએ
- પ્લાસ્ટીકના ડોલ-ડબલા કે વાસણોને બદલે એલ્યુમીનીયમ કે સ્ટીલનાં વાસણો વગેરેનો ઉપયોગ વધારીએ.

મોના

રંગોમાં રહેલી કેડિયમ જેવી ધાતુઓ શરીરના જુદા જુદા અંગોમાં જામી જાય છે અને તેને કારણે લીવર અને ફેંફસાના રોગો માનવ શરીરને અજગર ભરડો લઈ.લે છે. ચોંકાવનારી વાસ્તવિક્તા એ છે કે તદ્દન નિમ્નકક્ષાની પ્લાસ્ટીકની થેલીને આકર્ષક રંગની બનાવી ન શકાય ત્યારે કાળી બનાવી દેવામાં આવે છે. કાળા રંગમાં પ્લાસ્ટીકની અનેક નુક્સાનકર્તા ખામીઓ ઢંકાઈ જાય છે. ટૂંકમાં, આવી કાળી પ્લાસ્ટીકની થેલીઓ વધુ ખતરનાક હોય છે.

તે ઉપરાંત પોલીવિનાયલ ક્લોરાઈ, પોલીઈથીલીન, પોલીપ્રોપલીન અને પોલીસ્ટીરીન જેવાં રસાયણો ભેળવીને બનાવવામાં આવતાં પ્લાસ્ટીકનાં **બરણી, બાસ્કેટ, ડબ્બાઓ જેવા વાસણોમાં રાખવામાં આવતા ખાદ્યપદાર્થોમાંથી પોષક તત્ત્વો નાશ પામે છે.** પ્લાસ્ટીકમાં રાખેલા ખાદ્યપદાર્થો આરોગીને આપણે જાણ્યે-અજાણ્યે કેન્સર જેવા ભયાનક રોગને નોતરું દઈ બેસીએ છીએ. ડોપડાઈ ઓક્ટાઈલથેલેટવાળા પ્લાસ્ટીકમાં પેક કરવામાં આવતા ખાદ્ય પદાર્થોના નિયમિત સેવનથી પણ કેન્સર થવાનું જોખમ રહે છે. એટલું જ નહિ સ્વીડનના એક મેડિકલ સેન્ટરમાં સ્વીડીશ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે પ્લાસ્ટીકના પ્રયોગ અને કેન્સરની બિમારી વચ્ચે સીધો જ સંબંધ છે. એમના તારણ મુજબ જે લોકો પીવીસીના અત્યંત વ્યાપક સંપર્કમાં હતા એટલે કે જેઓ પ્લાસ્ટીક ઉત્પાદનની ફેક્ટરીઓમાં કામ કરતા હતા તેઓમાં કેન્સરની બિમારીનું પ્રમાણ વધારે હતું. તેમાં, કરીને પીવીસીને મુલાયમ કરતા રસાયણો જેવાં કે થેલેટ્સ અને ઓસ્ટેરોજેનીક કમ્પાઉન્ડ આવી બિમારીનાં કારણરૂપ હતા. એ જ રીતે પ્લાસ્ટીકમાં મેળવવામાં આવતાં મિથાઈલ મેથેક્રીમેટ અને એક્રીલેમાઈ જેવા રસાયણો માનવશરીરમાં આંતરડાને ગંભીર નુક્સાન પહોંચાડે છે.

આ ઉપરાંત પીવાના કે વપરાશના પાણીના વિતરણ અને સંગ્રહ માટે હવે પ્લાસ્ટીકની પાઈપ અને ટાંકીઓનો વપરાશ વધ્યો છે. તેનાથી આગળ જઈ ઘેર ઘેર રેફ્રીજરેટરમાં પીવાનું પાણી પ્લાસ્ટીકની બોટલ્સમાં રાખવામાં આવે છે. જે આંખના આરોગ્ય માટે હાનિકર્તા છે. પ્લાસ્ટીકમાં રાખવામાં આવતું પાણી પીવાથી આંખોની દૃષ્ટિક્ષમતા નબળી પડે છે. આમ, આરોગ્યની દૃષ્ટિએ પ્લાસ્ટીક અત્યંત નુક્સાનકારક હોવા છતાં નાનાં બાળકોને દૂધ પીવડાવવા માટે મોટા



ભાગની માતાઓ પ્લાસ્ટીકની બોટલ્સનો જ ઉપયોગ કરતી હોય છે જે ખરેખર બાળક માટે આરોગ્યપ્રદ હોવાનું તો એક બાજુ પણ નાની ઉંમરમાં જ તેને અંધકારમાં ધકેલવાનું પ્રથમ પગથિયું પુરવાર થાય છે અને એ પણ અત્યંત વાત્સલ્ય સાથે (?)

પ્લાસ્ટીકના ઉપયોગથી માત્ર માણસજાતને જ હાનિ પહોંચે છે તેવું નથી. પ્લાસ્ટીકનો કોઈપણ રીતે નાશ ન કરી શકાતો હોઈ તે પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિ માટે જોખમરૂપ છે. આપણે પ્લાસ્ટીકની થેલીમાં કોઈપણ વસ્તુ ઘેર લાવ્યા બાદ કોઈપણ પ્રકારની દરકાર કર્યા વિના તેને કચરામાં નાંખી દઈએ છીએ. આવા કચરામાં ખાદ્ય પદાર્થો પણ હોવાથી રખડતાં પશુઓ તેના તરફ આકર્ષાય છે અને ખોરાકની સાથે સાથે તેમના પેટમાં આ પ્લાસ્ટીકની થેલીઓ પણ પહોંચે છે. આમ, ઝેરી પ્લાસ્ટીક પેટમાં એકત્ર થતાં તે પશુ મોતને ભેટે છે.

થોડા જ વર્ષો અગાઉ પાલતુ પશુઓના મૃત્યુનું પ્રમાણ વધતાં જીવદયાના કાર્ય કરતા સેવાભાવીઓએ મરેલા પશુઓનું પોસ્ટમોર્ટમ કરાવાતા તેમના મોતનું રહસ્ય પકડાયું હતું. પોસ્ટમોર્ટમ દરમ્યાન આવા પશુઓના આંતરડાઓમાંથી બે કિલોથી માંડી આઠ-દશ કિલો વજન થાય તેટલા પ્રમાણમાં પ્લાસ્ટીકની થેલીના ગઠ્ઠા મળી આવ્યા હતા, જે તેમના મોતનું મૂળ કારણ હતું.

વિકાસના નામે નાનકડી પીનથી શરૂ કરી કાંસકાં, પીવાના પાણીની બોટલ્સ, ટૂથબ્રશ, રેઝર અને ફર્નીચર સુધી ફેલાયેલું પ્લાસ્ટીકનું સામ્રાજ્ય માણસની લાપંરવાઈને પોષે છે. દરિયાકિનારા અને પર્વતો પરનાં પર્યટન સ્થળોએ પણ પ્લાસ્ટીકનો કચરો ફેલાઈ ગયો છે. આથી દરિયાઈ જીવસૃષ્ટિનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાયું છે. સમગ્ર દુનિયામાં ઘૂમતાં દરિયાઈ જહાજો એક અંદાજ મુજબ દરરોજ લગભગ ૪.૫૦.૦૦૦ જેટલા નાના-મોટાં પ્લાસ્ટીક કન્ટેઈનરો દરિયામાં પધરાવે છે, જે દરિયાઈ જીવો માટે ફાંસીનો ગાળીયો બની જતા હોય છે. અમેરીકાની ફીશ એન્ડ વાઈલ્ડ લાઈફ સંસ્થાએ કરેલા એક સંશોધનના તારણ મુજબ ૯૦ ટકા દરિયાઈ જીવસૃષ્ટિના પાચનતંત્રીય અંગોમાં પ્લાસ્ટીકની હાજરી જોવા મળી છે.

પ્લાસ્ટીકનો કોઈપણ પ્રકારે નાશ થઈ શક્તો નથી. પ્લાસ્ટીકને જમીનમાં દાટીએ તો પણ તે વર્ષો કે દાયકાઓ સુધી યથાવત સ્થિતિમાં જ રહે છે એટલું જ નહિ તે જમીનના ઉપજાઉ તત્ત્વ પણ નષ્ટ કરે છે. કારણ કે સમય જતાં તેમાંથી રસાયણો વિઘટન પામી જમીનમાં ભળે છે. કુદરતી રીતે સંચિત થતું ભૂગર્ભજળ પણ હવે જમીનમાં દટાતા પ્લાસ્ટીકના કચરાના પરિણામે ઘણીવાર પ્રદૂષિત થયેલું જોવા મળે છે. જે સ્થળે મોટા પ્રમાણમાં પ્લાસ્ટીકનો કચરો એકઠો થાય ત્યાં ઝેરી વાયુ ઉત્પન્ન થવાનું પૂરેપુરૂં જોખમ રહે છે. વળી, પ્લાસ્ટીકના કચરાથી છૂટકારો મેળવવા માટે તેને સળગાવવામાં પ્રણ જોખમ રહેલાં છે. પ્લાસ્ટીક બળતાં તેમાંથી તીવ્ર ઝેરી ગેસ ઉત્પન્ન થાય છે. આવા ગેસને પરિણામે શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બની જતું હોય છે. ટૂંકમાં પ્લાસ્ટીક એ વાર્તામાં આવતા જીન જેવું છે. જેને પેદા તો કરી શકાય છે પરંતુ કોઈપણ રીતે તેનો નાશ કરી શકાતો નથી.

**નવા પ્લાસ્ટિકમાંથી બેગ્સ બનાવવી પડશે**

## રિસાયકલ્ડ પ્લાસ્ટિક્સ બેગ્સ પર પ્રતિબંધ

(પી.ટી.આઇ.) નવી દિલ્હી, તા. ૧૧ કેન્દ્ર સરકારે રિસાયકલ કરવામાં આવેલી પ્લાસ્ટીકની 'કેરી બેગ' અને કન્ટેઇનરનો પેકીગ અને અનાજ લઇ જવા માટે ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકયો છે. પર્યાવરણ અને વન મંત્રાલયે આ નિર્ણય અંગે દિલ્હી ઉચ્ચ અદાલતને જાણ કરી હતી. ન્યાયાધીશ અરુણકુમાર અને ન્યાયાધીશ ડી. કે. જૈનની બનેલી ડિવિઝન બેન્ચને મંત્રાલયના વકીલે જણાવ્યું હતું કે પર્યાવરણના કાયદા અંતર્ગત ગેઝેટ નોટિફિકેશન બીજી સપ્ટેમ્બરે જાહેર કરાયું છે. સંગ્રહ માટે ચીજવસ્તુ લઇ જવા માટે તથા અનાજના પેકીગ અને વહન માટે રિસાઇકલ કરાયેલા પ્લાસટીકના કેરી બેગ કે કન્ટેઇનરનો કોઇ વેપારી ઉપયોગ કરી શકશે નહી. ઉત્પાદકો માટે માર્ગદર્શિકાઓ અને શરતો મુકતાં નોટિફીકેશનમાં જણાવાયું છે કે અનાજની ચીજવસ્તુઓને લઇ જવા માટે 'તાજાં' પ્લાસ્ટીકમાંથી બનીલે કેરી બેગ અને કન્ટેઇનરનો ઉપયોગ જ તેઓ કરી શકશે. તેમાં વધુમાં જણાવાયા મુજબ અનાજ સિવાયની જે વસ્તુઓ માટે રિસાયકલ થયેલી પ્લાસ્ટીક બેગ અને કન્ટેઇનરનો ઉપયોગ થાય છે તેના પર રિસાઇકલ થયેલુ પ્લાસ્ટીક મટિરિયલ છે એવું છાપવાનું રહેશે.

આ વાત હવે તો સમાજનો શિક્ષિત વર્ગ સારી રીતે જાણી ગયો છે તેમ છતાં પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા કે ઓછો કરવા બાબતે ખાસ પ્રયત્નો થતા દેખાતા નથી. પ્લાસ્ટીકના ઉત્પાદનને પોતાની આજિવીકા અને સુખ સગવડ વધારવાનું માધ્યમ બનાવનારા તમામ લોકો પર્યાવરણને મોટું નુક્સાન પહોંચાડી રહ્યા છે. એટલું જ નહિ આડકતરી રીતે તો અનેક જીવોની હત્યામાં ભાગીદાર પણ થઈ રહ્યા છે અને પોતાના વારસદારો માટે મોતનો સામાન સંઘરી રહ્યા છે.

# ગુજરાતના સલીમઅલી : શ્રી લાલસિંહભાઈ રાઓલ

"મને જો કોઈ પૂછે કે આવતા જન્મે શું થવાનું પસંદ કરીશ. તો મારો બેધડક જવાબ છે, 'કાળીયો કોશી'. આ ઈચ્છા છે અદના પક્ષીપ્રેમી ગુજરાતના પ્રથમ હરોળના પક્ષીવિદ્ શ્રી લાલસિંહભાઈ રાઓલની. આ 'કાળીયો કોશી એક કાળા બુલબુલ જેવડા કદનાં, લાંબી પૂંછડી ધરાવતા પક્ષીનું નામ છે, જે લાલસિંહભાઈને અત્યંત પ્રિય છે. સૌરાષ્ટ્રમાં કાર્યકાળ વીતાવી અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળી રહેલા લાલસિંહભાંઈ એટલે ગુજરાતના સલીમ અલી".

સાવ સરળ અને નિરાભિમાની પક્ષીવિદ્ લાલસિંહભાઈનું વતન લીમડી ગામ. બાળપણથી જ ગામતળાવે વિહરતાં પક્ષીઓ જોવા તેમને ગમતાં. ખાસ કરીને જળકૂકડી (સર્પગ્રીવ) કલકલીયો (કિંગફિશર) અને ગીધની ચેષ્ટાઓ તેમને કલાકો સુધી જકડી રાખતી. આજે ૭૫ વર્ષની પ્રૌઢ વયે પણ પંખીઓની વાત કરતાં આંખોમાં અનોખી ચમક છવાય! લગભગ સાત-આઠ વર્ષની વયે આપમેળે પક્ષી નિરિક્ષણ શરૂ કર્યું તે આજ દિન સુધી ચાલુ જ છે. પહેલી ચોપડી ભણતાં ત્યારે જેમાં આઠ પંખીઓના રંગીન ચિત્રો આવતાં તે તેમનું પ્રિય પુસ્તક. લીમડીમાં શાળાભ્યાસ પુરો કરી ભાવનગરની કોલેજમાં ભણવા ગયા અને 'કુમાર' માસીક હાથ લાગ્યું. તે સમયે 'કુમાર'માં માધુકરી વિભાગમાં ગુજરાતના એકલપંથી પક્ષીનિરિક્ષક શ્રી હરિનારાયણ આચાર્યની 'વનવગડાના વાસી' પુસ્તકમાંથી સંક્ષેપમાં લખાણો છપાતાં. ઈ.સ. ૧૯૩૨માં એકવાર કુમાર વાંચી યુવાન લાલસિંહભાઈ પોતાની રૂમમાં પાછા ફર્યા અને સામેના લીમડામાં બેઠેલું બુલબુલ ઓળખી નાખ્યું. બસ, પછી જાણે પક્ષીનિરિક્ષણનું એમને ઘેલું લાગ્યું. મનોમન શ્રી હરિનારાયણ આચાર્યને ગુરૂ માન્યા. કોલેજ કાળ દરમ્યાન ક્ષય રોગ લાગુ પડતાં એમનો એમ.એ.નો અભ્યાસ તો છૂટ્યો પણ પક્ષીઓનો અભ્યાસ વધુ સઘન બન્યો. આ મહારોગમાંથી બચ્યા બાદ મળેલા જીવનને યુવાન લાલસિંહભાઈએ પ્રભુ તરફથી મળેલું બોનસ માન્યું. જેનું મુખ્ય ધ્યેય રહ્યું પક્ષીઓ બાબતે વધુમાં વધુ જાણકારી મેળવી લોકો સુધી પહોંચાડવી. પછી તો સૌરાષ્ટ્રમાં જાહેર આરોગ્ય વિભાગમાં નોકરી કરતાં કરતાં જ્યારે પણ રજા કે સમય મળે ત્યારે એકલ પંડે બસ કુદરતના આ અનોખા પાત્રો જોવા તેઓ નીકળી જતાં.




તેમના મતે પક્ષીઓ તો સર્વત્ર છે. આપણી આસપાસ પણ છે. તેમને જોવા ખાસ સ્થળે જવાની જરૂર નથી. માત્ર પક્ષીઓ અંગે લખાયેલાં પુસ્તકોના વાંચનથી નહિ પરંતુ પ્રત્યક્ષ કુદરતના સાનિધ્યમાં પક્ષીઓને વધુ સારી રીતે ઓળખી શકાય. પક્ષીઓ વિશે વધુને વધુ જાણવાની આકાંક્ષાને લીધે જ અચાનક એમની મુલાકાત ભારતભરના અગ્રણી પર્યાવરણવિદોમાંના એક ગુજરાતના શ્રી લવકુમાર ખાચર સાથે થઈ અને ત્યારબાદ ગુરૂ શ્રી હરિનારાયણ આચાર્યને પણ તેઓ મળ્યા. લાલસિંહભાઈની જાણે સાધન ફળી. શ્રી લવકુમાર ખાચરને મળ્યા બાદ ઈ.સ. ૧૯૬૦માં એમણે રાજકોટ ખાતે એક પ્રકૃતિ મંડળ પણ શરૂ કરેલું. જેના સભ્યો સહિત પોતે, પછીથી ગુજરાતમાં વિશ્વ પ્રકૃતિ નિધિની શાખા શરૂ થતાં તેમાં જોડાઈ ગયા. ઈ.સ. ૧૯૭૦માં ઓક્સફર્ડના પ્રોજેક્ટ માટે વિશ્વવિખ્યાત પક્ષીવિદ્ ડૉ. સલીમઅલી ભારત અને પાકિસ્તાનના પક્ષીઓ ઉપર પુસ્તક તૈયાર કરતા હતા ત્યારે લાલસિંહભાઈને એમની સાથે રહેવાનું સદ્ભાગ્ય પણ સાંપડેલું. પોતાના જ્ઞાન અને અનુભવ આવતી પેઢીને ઉપયોગી થાય તે માટે ઈ.સ. ૧૯૭૫થી લાલસિંહભાઈએ હિંગોળગઢ ખાતે શ્રી લવકુમાર ખાચર સાથે પ્રકૃતિ શિક્ષણ શિબિરો શરૂ કરી. બાળકોમાં પક્ષી પ્રેમ જગાવવા એમણે અનેક પ્રયત્નો કર્યા છે. એમણે ગુજરાતને પોતના ગહન અભ્યાસના સ્તર સમા પક્ષીઓ વિશેના 'પાણીના સંગાથી', 'જીવનભરના સાથી' અને 'વન ઉપવનના પંખી' એમ ત્રણ સુંદર પુસ્તકો ભેટ ધર્યા છે. એટલું જ નહિ કદાચ ક્યારેય કોઈએ નહિ કર્યો હોય તેવો અનોખો પ્રયોગ લાલસિંહભાઈએ ખાસ દૃષ્ટિવિહીન બાળકો માટે હાથ ધરેલો. સી.ઈ.ઈ. (સેન્ટર ફોર, એન્વાયરમેન્ટ એજ્યુકેશન)ના ટેકાથી એમણે

(અનુસંધાન પાના નં. ૧૦)

# ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ : મોર

- શ્રી પ્રણવ ત્રિવેદી

પક્ષીવિજ્ઞાનની ભાષામાં કોમન પિફાઉલ (પેવોક્સ્ટેટ્સ) તરીકે ઓળખાતા મોર અને ઢેલ આપણી ભારતીય સંસ્કૃતિ અને નિવાસસ્થાનોનાં અભિન્ન અંગ છે. જેનું નૃત્યુ વર્ષાઋતુના આગમનનુ સ્વાગત કરે છે, તે મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે. ભગવાન કાર્તિકેયનું તે વાહન અને મુઘલ તથા રાજપૂત કાળના ચિત્રકારોનું પ્રિય પક્ષી. વનમોર (ફેઝન) કુટુંબનાં આ પક્ષીના નજીકનાં પિત્રાઈઓ છે અન્ય વનમોર તથા જંગલી કૂકડા. ભારતમાં હિમાલયના ૫૦૦૦ ફૂટથી નીચેના વિસ્તારોમાંથી માંડીને છેક દક્ષિણમાં તથા પૂર્વે આસામ સુધી જોવા મળે છે. પશ્ચિમના રણ પ્રદેશોમાં તે નથી.




પૂર્વમાં આસામથી આગળ આપણા મોરનો નજીકનો પિત્રાઈ લીલો મોર (ગ્રીન પીફાઉલ) તેની જગ્યા લે છે. રણ અને નિત્ય લીલાં જંગલો સિવાયના દરેક પ્રકારના કહેઠાણમાં જોવા મળે છે. માનવીની વસ્તી તથા ખેતીવાડીવાળા વિસ્તારમાં પણ મોરનો વસવાટ છે. આવા જાજરમાન અને છતાંય સામાન્ય પક્ષીથી સૌ પરિચિત જ હોય, પરંતુ તેના જીવનની કેટલીક એવી રસપ્રદ હકીકતો છે જે વિજ્ઞાન પૂરતી જ મર્યાદિત છે. અહીં આવી જ એક વાત મોરના સંવનન નૃત્ય અંગેની રસિક વાત વાચકોને માટે રજૂ કરૂં છું.

મોરનું કહેવાતું "નૃત્ય" ખરેખર નૃત્ય નહીં પણ "દેખાડો" છે !હા, આ પીંછાનો દેખાડાનો માત્ર એક જ ઉદ્દેશ છે. વધુમાં વધુ ઢેલોને રીઝવી તેમની સાથે સંવનન કરવા માટે આ "નૃત્ય"નો ઉદ્ભવ થયો છે. દરેક જાતના પ્રાણીઓ (મુખ્યત્વે નર) પોતાનો પ્રભાવ પ્રદર્શિત કરવા જુદા જુદા નુસખા અપનાવે છે. આના બે જ કારણો હોય છે. પોતે બીજા નર કરતાં વધુ ચડિયાતો છે તે સાબિત કરવું અને માદાને રીઝવવી. મોર તેના સંવનન "દેખાડા" દ્વારા આ હેતુ સિદ્ધ કરે છે. મોર ત્રણ વર્ષનો થાય એટલે વર્ષાઋતુની શરૉઆત પહેલાં લાંબા પીંછાની એક આકર્ષક પૂંછ ઊગે છે. તેને અંગ્રેજીમાં "ટ્રેઈન કહે છે. તેના પીંછા માત્ર "દેખાડા" (ડિસ્પ્લે) માટેના છે, અને એટલે જ સંવનનકાળ (વર્ષાઋતુ) પૂરી થતાં જ તે ખરી પડે છે. બ્રિટનમાં કેટલાક પ્રાણી વિજ્ઞાનીઓએ સંશોધન કર્યું છે કે પીંછા ફેલાવીને નૃત્ય કરતાં મોરની પાસેથી પસાર થતી ઢેલો મોરની પૂંછડીના પીંછાના ગોળ ચકામાના રંગ તથા તેની ચમક જુએ છે અને એ સાથે ચકાસે છે તેની પુંછની લંબાઈ. એમણે એવું નોંધ્યું છે, કે મોટા-લાંબા પીંછા અને ચમકદાર પીંછાવાળા મોરની સાથે પ્રજનન કરતી માદાઓ વધુ ઈંડા મૂકે છે અને તેના કારણે વધુ બચ્ચાઓને જન્મ પણ આપે છે. આમ, કુદરતે આ અદ્ભુત વ્યવસ્થાને જન્મ આપ્યો છે. જેનાથી યોગ્ય જીવનસાથીની પસંદગી આ પીંછા અને સંવનન નૃત્ય જેવા ખાસ ઓળખચિહ્નો દ્વારા થઈ શકે. જે મોર આ કસોટી પાર કરે તેને ઢેલ પંસદ કરે. આમ, કુદરતના નિયમો પ્રમાણે દરેક વર્ષાઋતુમાં મોટ પોતે "યોગ્ય" જીવનસાથી છે એમ જાહેર કરવા "નૃત્ય" કરે છે અને એ દેખાડાને નહીં પરંતુ તેના પીંછા અને તેની ઝીણી વિગતોને ઢેલ જુએ છે, પછી જ તે જીવનસાથીની પસંદગી કરે છે. જો કે, આ સાથી ખરેખર તો "વર્ષાસાથી" પણ નથી હોતો, કારણ કે ઢેલ-મોર જોડાં બનાવતાં નથી. ઈંડાનું ધ્યાન ઢેલ જ રાખે છે. મોર કોઈ જવાબદારી લેતા નથી. એક જ મોર એકથી વધુ ઢેલ સાથે પ્રજનન કરે છે. આ તો થઈ મોરના સંવનન નૃત્યના ઉદ્ભવની વાત.

મોરના વસવાટ માટેની જરૂરિયાતોની વાત કરીએ તો મોર જંગલો અને વગડા જેવા કુદરતી નિવાસસ્થાનો તથા ખેતીવાડીવાળા ખુલ્લા વિસ્તારોમાં પણ રહી શકે છે.પરંતુ શહેરી વિસ્તારોમાં તથા અન્ય ગીચ માનવ વસવાટવાળા વિસ્તારોમાં આ બધું દુર્લભ છે. જો કે મોર પણ આ બદલાવના પ્રતિભાવ રૂપે અનુકૂલનો સાધ્યાં છે. ઉદાહરણ તરીકે શહેરનાં મોર તો હવે મોટા ભાગે જુવાર, ઘઉં, બાજરીના દાણા,

રોટલી-ભાખરીના ટૂકડા, લોટ, ચણા, સિંગ જેવા ખોરાક પર આવી ગયા છે.

શહેરોમાં મોર જેવા સુંદર પક્ષીના અસ્તિત્વ સામે ઊભા થયેલ ખતરાને સમજવા તથા તેના ઉકેલ માટે પ્રયત્નો કરી શકાય એ હેતુથી ગુજરાત રાજ્યનાં જંગલ ખાતા તથા બે બિનસરકારી સંસ્થાઓ, "પ્રકૃતિ" અને "વિશ્વ પ્રકૃતિ નિધિ ભારત (WWF-India) ની અમદાવાદ શાખા દ્વારા ૧૯૯૮માં અમદાવાદના મોર-ઢેલની ગણતરીનું આયોજન કરાયું. શહેરના જુદા જુદા વિસ્તારોમાં મે-જૂન માસમાં આ ગણતરી કરાઈ અને એ સમયે અન્ય ઘણી ઉપયોગી માહિતી પણ મળી. અમે આશા નહોતી રાખી કે અમદાવાદમાં ૧૦૦૦થી પણ વધુ મોર હશે ! પણ ગણતરીએ તો એ સાબિત કરી દીધું કે અમદાવાદ ભારતના એવા જૂજ શહેરોમાંનું એક છે જ્યાં મોર જેવું મોટું પક્ષી હજુય આટલી મોટી સંખ્યામાં છે. આનું ઘણું શ્રેય અમદાવાદીઓને જાય છે. જેઓએ શહેરના મોર અને ઢેલનું ધ્યાન રાખ્યું છે. પૈસેટકે સાવ ગરીબ કહી શકાય એવા અમદાવાદીઓથી માંડીને સોસાયટીઓના રહીશો તથા બંગલા માલિકો સુધીના સૌ કોઈને મોર અને ઢેલ માટે ગૌરવ છે. પણ તેઓ તેને નિયમિત ચણ પણ નાંખે છે. આશ્ચર્યની વાત તો એ છે કે શહેરની ઘણી બંધ મીલો અને કબ્રસ્તાનોમાં મોરની મોટી સંખ્યા છે તથા ભાગ્યે જ કોઈ જગ્યાંએ તેમને કોઈ કનડગત કરે છે. અમદાવાદના પૂર્વના વિસ્તારમાં અને એમાંય ખાસ તો કેન્ટોનમેન્ટમાં વધુ મોર છે. ઉપરાંત પશ્ચિમના ઈસરો, સુંદરવન, નહેરુ ફાઉન્ડેશન, સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ, અટીરા, પી.આર.એલ. તથા યુનિવર્સિટી

**મોરને વસવાટ માટે નીચેની જરૂરિયાતો સંતોષાવી જોઈએ**

- ★ પૂરતો ખોરાક : જીવાત, દાણા, કૂણા પાન-ઘાસ, જંગલી ફળ, ફૂલ, ગરોળી, કાંચિડા, સાપ જેવા પ્રાણીઓ
- ★ ઊંચા સુરક્ષિત ઝાડ કે જેના પર તે રાતવાસો કરી શકે.
- ★ દુશ્મન : શિકારી પ્રાણી/પક્ષીથી બચવા સંતાવા જમીન ઉપર ઝાડી ઝાંખરા
- ★ જમીન ઉપર માળો બનાવવા માટે સુરક્ષિત જગ્યા
- ★ પાણી

જો કે આ સાથે આપણે એ તો ન જ ભૂલાય કે અમદાવાદના મોરના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ તો છે જ. તેના સતત ઘટતાં જતાં પ્રાકૃતિક નિવાસસ્થાનો માળા બનાવવા માટેની જગ્યાનો અભાવ તથા તેના બચ્ચાંઓને શેરીના બિલાડાં દ્વારા થતી રંજાડ જેવા મુંઝવણભર્યા પ્રશ્નો તો છે જ. છતાંય અમદાવાદીઓએ ગૌરવ લેવા જેવું છે કે ૩૫-૪૦ લાખની માનવ વસ્તી ધરાવતા શહેરમાંય આપણે આ પક્ષીઓને માટે જગ્યા રાખી છે. એટલું જ નહીં આપણે સૌ મોર-ઢેલ માટે સજાગ અને લાગણીશીલ પણ છીએ. શું આ એક જ ઉદાહરણ આપણી સમૃદ્ધ પ્રકૃતિમય સંસ્કૃતિને યાદ કરાવવા પુરતું નથી? આ પ્રશ્નનો જવાબ તો આવનારો સમય અને આવનારી સદીમાં મોરની સંખ્યા જ આપી શકશે.....

## વૈશ્વિક સ્તરે પર્યાવરણ પ્રશ્ને પ્રયત્નો - પરિણામ શૂન્ય !

- ★ ઈ.સ. ૧૯૭૨માં સ્વીડનના સ્ટોકહોમ ખાતે સંયુક્ત રાષ્ટ્રોની માનવ પર્યાવરણ વિષયક પરિષદ મળી. (United Nation's Conference on Human Environment) જેમાં સૌ પ્રથમવાર પર્યાવરણનો મુદ્દો વૈશ્વિકસ્તરે ચર્ચાયો. આ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કરેલું.
- ★ ઈ.સ. ૧૯૮૫માં વિયેના ખાતે મળેલી બેઠકમાં પર્યાવરણના ઓઝોન સ્તરમાં પડતા વિક્ષેપ (Ozone layer Depletion) અંગે ચર્ચા થઈ અને તેને વધતા રોકવા અંગે જરૂરી પગલાં વિચારાયાં.
- ★ ઈ.સ. ૧૯૮૭માં મોન્ટ્રીયલ ખાતે યોજાયેલી બેઠકમાં 'Montreal Protocal' પર સહી-સિક્કા કરી, જેના કારણે ઓઝોન સ્તરમાં પડેલા ગાબડાંને વિસ્તારે, તેવા અનેકવિધ પદાર્થો અને ઉપકરણોના ઉપયોગ અને ઉત્પાદન પર સંપૂર્ણ નિયંત્રણ લાવવા ઠરાવવામાં આવ્યું.
- ★ ઈ.સ. ૧૯૮૯માં બ્રુસેલ્સમાં મળેલી બેઠકમાં ઓઝોન સ્તરને નુક્સાન કરનારા ખતરનાક પદાર્થોની હેરફેર ઉપર સંપૂર્ણ નિયંત્રણ મૂકવા પર નિર્ણય કરાયો.
- ★ જૂન, ૧૯૯૨માં રિયો-દ-જાનેરો - ખાતે 'પૃથ્વી પરિષદ' યોજાઈ. જેમાં જંગલોના વિનાશ સામે લાલબત્તી ધરાવતો પ્રશ્ન પણ ઉઠાવાયો. એમેઝોનમાં જંગલોની સુરક્ષા વાસ્તવિક રીતે કરાય અને વૈશ્વિક સ્તરે પર્યાવરણ સુરક્ષાના કાર્યને વેગવાન બનાવાય તે આ પરિષદનું અંતિમ તારણ હતું.

**આજે સમસ્યા યથાવત - બલ્કે વધુ ભયજનક સ્તરે વધી છે.**

કારણ કે આ પ્રકારનું પ્રદુષણ ફેલાવવામાં અમેરિકા અને રશિયા મોખરે છે. ઓઝોન સ્તરમાં નુક્સાન પહોંચાડતા પ્રદૂષણમાં અમેરિકાનો ફાળો ૧૭.૮ ટકાનો અને રશિયાનો ૧૬.૬ ટકાનો છે. ચીન, જાપાન, યુરોપીય દેશો તથા વિકાસશીલ દેશોનો વધતે-ઓછે અંશે ફાળો છે જ. આ ફાળામાં ભારત બાકાત છે એમ માનવાની પણ જરૂર નથી જ !

(પાના નં. ૩નું ચાલુ)

જે વિશાળ જમીનો, ગરમી અને ધૂળ ઉડાડતી ખુલ્લી પડી છે ત્યાં મોટા પ્રમાણમાં દેશી બાવળ ઉગાડી શકાય.

માધ્યમોમાં કલાત્મક અભિગમની સાથે માહિતીના ઊંડાણનો પણ અભાવ છે. પર્યાવરણીય નુક્સાનના મૂળ ખૂબ જૂનાં છે. **પર્યાવરણની કથળેલી પરિસ્થિતિ કંઈ રાતોરાત જ સર્જાઈ નથી. સમયે સમયે તેનાં કારણો અને અસરોની રજૂઆત કરવાનું માધ્યમો ચૂક્યા છે.** દાખલા તરીકે ટૂંકાગાળાના આયોજનો, હાલની રાજકોટની પાણીની તીવ્ર અછતનું મૂળ કારણ છે. એ સમસ્યાને પહોંચી વળવા યુદ્ધના ધોરણે પગલાં લેવાય છે. પરંતુ એ તો સમસ્યાના કાયમી નિરાકરણને વધુ પાછું ઠેલવાના પ્રયત્ન બરાબર છે. આપણા માધ્યમોની એ જવાબદારી છે કે તે લોકોને શિક્ષિત અને માહિતગાર કરે, નહિ કે તેમને જે જોઈએ છે તે આપવાની. ભલે, અખબારમાં જગ્યાની વાસ્તવિક મર્યાદા હોઈ શકે પરંતુ એમ તો આપણે જે ટેલીવિઝન કાર્યક્રમો જોઈએ છીએ કે અખબારોમાં જે વાંચીએ છીએ, તેમાંનું ઘણું સાવ બિન ઉપયોગી જ હોય છે ને?

ચોક્કસ બીજાની ખામીઓ શોધવી હંમેશા સરળ છે. પર્યાવરણના ક્ષેત્રના અમારામાંના ઘણા લોકો પણ માધ્યમોને સુંદર રજૂઆત ધરાવતા સમાચારો આપવામાં સફળ રહ્યા નથી. આજે તો અમુક તંત્રીઓના પ્રોત્સાહનને કારણે અમે 'ગાંડા બાવળ'ની સમસ્યાને યોગ્ય રીતે જનતા સમક્ષ લાવવામાં સફળ પણ રહ્યા છીએ. વનવિભાગ ગાંડા બાવળની નુક્સાન વધારતી જે ઝાડીઓ ઉખેડવા હવે કરોડો ખર્ચી રહ્યું છે તેને ઉગાડવા માટે થોડા વર્ષો પહેલા જ્યારે તેઓ જ જોરશોરથી પ્રચાર કરતા હતા તે સમયે વર્ષો પહેલા અમે ઉચ્ચારેલી ચેતવણીઓ અખબારોને યાદ અપાવવામાં નિષ્ફળ પણ રહેલા.

પ્રત્યેક દિશામાં અનેક ઘટનાઓ ઘટી રહી છે, તે તમામનો સમાવેશ કરવો તંત્રી માટે ખરેખર ઘણું મુશ્કેલ છે. વળી સૌમાંથી ખામીઓ કાઢવી સરળ છે. જોકે મોડે મોડે પણ પશુપંખીઓ તથા જીવજંતુઓ તો માધ્યમોમાં સ્થાન મેળવી રહ્યા છે. છતાં જે કંઈ માહિતી સમાવાય તેનું ખૂબ કાળજીપૂર્વક આયોજન થવું જરૂરી છે. જેથી ખાસ કરીને પર્યાવરણ બાબતે લોકોમાં જાગૃતિ કેળવવા વધુમાં વધુ અસરકારક અને આશાસ્પદ દિશા ખુલી શકે.



(પાના નં. ૭નું ચાલુ)

અમદાવાદ ખાતેના અંધજનમંડળના બાળકોને પ્રકૃત્તિના સાનિધ્યમાં લઈ જઈ અવાજથી પંખીઓને ઓળખતાં શીખવવાનું શરૂ કરેલુ. તેમનું માનવું છે કે **"કુદરતનો વૈભવ જીવમાત્ર માટે છે માટે કોઈ એક ઈન્દ્રીયનું ન હોવું ક્યારેય નડતરરૂપ ન બની શકે. વળી, ગુજરાતની પ્રજામાં જેટલો પ્રકૃતિ પ્રત્યે પ્રેમ છે. તેટલો અન્ય કોઈ રાજ્યની પ્રજામાં નથી".** આથી જ ગુજરાતમાં જો વિકાસ માટે વિજ્ઞાનનો ઉપયોગ થાય તો ક્યારેય કુદરતને નુક્સાન નહીં પહોંચે. કુદરતના વૈભવને અભ્યારણ્ય તરીકે જાહેર કરી તેની સત્તાં સીમિત લોકોના હાથમાં આપવી યોગ્ય નથી. કારણ કે તેનાથી તો સામાન્ય પ્રજા એ વૈભવથી વંચિત જ રહી જાય. આવા અનેક પાસાંઓ પ્રજા સમક્ષ લાવવા માધ્યમોએ અસરકારક રજૂઆત કરવી જ રહી. બાકી પક્ષીઓ તો આપણાં જીવનભરના સાથીઓ છે. તેમને કોઈ હદમાં કઈ રીતે બાંધી શકાય?" આવો વિરલ અભિગમ ધરાવતા સરળ લાલસિંહભાઈને મળીએ તો આપણને ખ્યાલ પણ ન આવે કે તેઓ પક્ષીઓ વિશે કેટલું ઊંડું જ્ઞાન ધરાવે છે. પરંતુ હકીકત એ છે કે અત્યારે પંખીજગતના વિશદ્ જાણકારના પ્રથમ ત્રણ નામો આપવા હોય તો તેમાં શ્રી લાલસિંહભાઈના નામનો ઉલ્લેખ કરવો અનિવાર્ય થઈ પડે !

## લાલબત્તી

★ ભારતમાં દર વર્ષે પ્લાસ્ટીકનો કચરો વિશ્વના કુલ પ્લાસ્ટીકના કચરાના ૧૪ ટકા જેટલો નીકળે છે અને ૨૮ ટકા પી.વી.સી.નો કચરો નીકળે છે.

★ પી.વી.સી. પૂરેપૂરૂં બળતું નથી અને તેના કરતાં તેમાંથી ડાયોક્સિન મોનોક્સાઈડ વગેરે જેવા ઝેરી વાયુઓ હવામાં ભળે છે. ૧ ટન જેટલા પી.વી.સી.માંથી ૦.૯ ટન જેટલું પીવીસી ટોકસીક ધાતુઓ બની જાય છે.

*આપની આસપાસ પર્યાવરણ સંબંધી કોઈપણ પ્રવૃત્તિ થતી હોય તો અમને અવશ્ય જાણ કરો. તેનો ઉલ્લેખ પર્યાવરણ સંત્રીમાં કરાશે.*

*- તંત્રી*

★ ઈંગ્લેન્ડની, પીસ ચાઈલ્ડ ઈન્ટરનેશલે ઓક્ટોબર માસની ૨૫ થી ૨૯ તારીખના :વાઈ ખાતે યોજાનાર યંગ પીપલ્સ કોંગ્રેસમાં ભારતનાં બાળ પ્રતિનિધિઓને પસંદ કરવા માટે રાષ્ટ્રીય સંયોજક તરીકે વિશ્વ પ્રકૃતિનિધિ - ભારતને જવાબદારી સોંપી છે. આ કોંગ્રેસમાં વિશ્વભરમાં પસંદગી પામેલા લગભગ હજાર બાળકો, આગામી સદીમાં તેમના માટે અગત્યની બાબતો વિષે ચર્ચા કરશે તથા તેની પ્રાથમિકતાઓ નક્કી કરશે. આ કોંગ્રેસમાં ભાગ લેવા જનારા બાળકોની પસંદગી માટે વિશ્વપ્રકૃતિ નિધિ ભારત, તેની નેચર કલબ મારફતે સમગ્ર દેશમાંથી લગભગ ૧,૨૫,૦૦૦ બાળકોને પ્રવૃત્ત કરશે.

★ તાજેતરમાં વિશ્વ પ્રકૃતિનિધિ- ભારતની બિહાર શાખાને 'રાંચીને લીલુંછમ બનાવા' અભિયાન હાથ ધરી આખા રાંચી શહેરમાંથી પ્લાસ્ટીકના કચરાનો વૃક્ષારોપણ માટે ઉપોયગ કરી પર્યાવરણ જાળવણી માટે સુંદર નુસ્ખો સૂચવ્યો છે. આ અભિયાન દરમ્યાન શહેરની હોટેલ્સમાંથી મિનરલ વોટરની ખાલી બોટલો તથા વપરાયેલા પેપર કપ્સ એકત્ર કરી તેમાં ૬૦૦૦ જેટલા લીમડા, કરંજ, કુસુમ અને જાંબુડાના રોપાઓ તૈયાર કરવામાં આવ્યા તથા શહેરમાં સંસ્થાઓ, કચેરીઓ તથા લોકોને આ રોપાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

★ તામીલનાડુ રાજ્યમાં શબરીમલાઈ યાત્રાધામ પાસેના જંગલોમાં કેટલાક હાથીઓનું પ્લાસ્ટીકની કોથળીને કારણે મોત થતાં, રાજ્યના વન વિભાગ, મંદિરના સત્તાવાળાઓ તથા વિશ્વ પ્રકૃતિનિધિ- ભારતની તામીલનાડુ રાજ્ય શાખા દ્વારા આ વિસ્તારમાં પ્લાસ્ટીકની થેલીના ઉપયોગ ઉપર કડક પ્રતિબંધ લાવવા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ ઝુંબેશ અંતર્ગત યાત્રાળુઓના માર્ગમાં અંગ્રેજી તથા તમિળ ભાષામાં બેનરો ઉપરાંત અહીં આવતી તમામ ટ્રેઈનોમાં મુસાફરી કરતા લોકોને અન્ય હાથ થેલીઓ પુરી પાડવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે.

**★ સૌજન્ય : WWF NEWS LETTER**

● અમદાવાદમાં રહેતા શ્રી કેયુર સરડા સતત ત્રણ વર્ષથી વ્યક્તિગત ધોરણે વૃક્ષારોપણની પ્રસંશનીય કામગીરી કરી રહ્યા છે. આ પ્રકૃતિપ્રેમી યુવાન બાવળા નજીક થર્મલ પાવર સ્ટેશનની રાખમાંથી (Fly Ash) ઈંટો બનાવવાનો પ્લાન્ટ ધરાવે છે. દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં તેમના પ્લાન્ટમાં આવતા કારીગરો તેમજ આસપાસના અન્ય ઉદ્યોગો ધરાવતા લોકોને તેઓ વિના મૂલ્યે રોપાઓ આપે છે અને વૃક્ષો વાવવા અને ઉછેરવા પ્રોસ્તાહિત કરે છે. આ માટે શ્રી કેયૂરભાઈ વનવિભાગમાંથી રોપા દીઠ એક રૂપિયાના દરે આશરે ૩૦૦-૪૦૦ રોપાઓ ખરીદી તેને વાહનમાં લઈ જઈ, પસંદ કરેલા સ્થળે મિત્રો અને કારીગરોની મદદથી ક્યારાઓ ખોદી જાતે રોપાવે છે.

● અમદાવાદમાં રહેતા કેટલાક યુવામિત્રો સર્વશ્રી પ્રણવ ત્રિવેદી, જિગીશ મહેતા, ડી.આર. વૈષ્ણવ, કેયુર સરડા, મોહન, જય ચોક્સી અને અજય ઝાલા વગેરેએ આખા વર્ષ દરમ્યાન પોળો, વિજયનગર, ગાંધીનગર જેવા અનેક સ્થળોએથી એકત્ર કરેલાં વિવિધ વનસ્પતિના બીજને વરસાદ શરૂ થતાં પહેલાં પંચમહાલ જિલ્લાના બાકોર ખાતે વેરવાનું કાર્ય કર્યું. વનસ્પતિના વૈવિધ્યને જાળવી રાખવાનું અને ફેલાવવાનું આ કાર્ય તેઓ સ્વૈચ્છિક રીતે જ કરી રહ્યા છે.

★ પીમ્પરી-ચીંચવાડ, મુંબઈથી ૧૫૦ કિ.મી.ના અંતરે આવેલી એક ઔદ્યૌગિક વસાહત છે. જેમાં ૨૦૦૦ જેટલા કેમિકલ, રબર, ફાર્માસ્યુટીકલ અને ઓટોમોબાઈલના ઔદ્યોગિક એકમો આવેલા છે. તાજેતરમાં આ વસાહતમાં રહેતા વિદ્યાર્થીઓએ 'પર્યાવરણ સભાનતા' અભિયાન આદર્યું અને તેને સફળતાપૂર્વક પાર પાડી એક ઉત્તમ ઉદાહરણ સ્થાપ્યું. અહીંની ઝૂંપડપટ્ટીમાં સીઈઈ અને વિશ્વ પ્રકૃતિ નિધિ- ભારતના માર્ગદર્શન હેઠળ પીમ્પરી નગરપાલિકાએ ૧૦૦ શાળાના આશરે ૪૫,૦૦૦ વિદ્યાર્થીઓને પર્યાવરણ સંબંધી સંસ્થાઓના શિક્ષકો મારફતે સ્વચ્છ પર્યાવરણના ફાયદાઓ વિશે જ્ઞાન અપાયું.

## કાવ્યમાં કુદરત

આપણે તો એટલામાં રાજી
આખાયે જંગલમાં રોજ રોજ ફૂટે છે
ક્યાંક એક કૂંપળ તો તાજી ... આપણે
એકાદું પંખી જો ડાળ ઉપર બેસે
તો થાય, મળ્યું આખું આકાશ
એકાદું ગીત કોઈ મોસમનું ગાય
તોય રોમ રોમ ફૂટે પલાશ
એકાદી લહેરખી પવનની જેવાં સ્પર્શી
ત્યાં રણઝણતી ઝાલરી બાજી ... આપણે
પાણીની એકાદી છાલકમાં હોય કદી
રીમઝીમ રેલાતો મલ્હાર
છાતીમાં નાંગરેલ સપનામાં હોય
કોઈ એકાદી ક્ષણનો વિસ્તાર
એક એક કૂંપળમાં જંગલ ઉભરાય ?
કોઈ પૂછે તો કહીએ કે હાજી ... આપણે
આપણે તો એટલામાં રાજી.

- કવિશ્રી રમણીક સોમેશ્વર, અંજાર


**આવો**

**આપણી**

**પૃથ્વીને**

**સુંદર વસાહત બનાવીએ**

**વધુ વૃક્ષો વાવીએ**



**SHREE SHANKER**
**AYURVEDIC PHARMACY**
SARANGPUR, AHMEDABAD-380 001


પર્યાવરણ સંત્રી
ઓક્ટોબર-૧૯૯૯

# પર્યાવરણ સંત્રી

દ્વિમાસિક

રવાના :

તંત્રી, પર્યાવરણ સંત્રી,
૩૩, નિહારીકા બંગલોઝ, હિમતલાલ પાર્ક,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.


મુદ્રક, પ્રકાશક અને માલિક, યાત્રી બક્ષીએ ગંગોત્રી ઓફસેટ, ૧૬, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ અમદાવાદ ખાતે છાપી, ૩૩, નિહારીકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ-૧૫થી પ્રસિદ્ધ કર્યું.